



## હે પરબ્રહ્મ પુરુષોત્તમ સહજાનંદ !

આપનું પ્રાગટ્ય અધ્યાત્મયાત્રીઓ માટે મંગલ
મુમુક્ષુઓ સર્વનાં કલ્યાણ હેતુ આપે કૃપા કરી
આપ પધાર્યા ને અનેક જીવો પરમ સુખ પામ્યાં
આપે વરદાન આપ્યાં ને સૌને અભય કર્યાં
આત્મદર્શન સૌ માટે સરળ અને સુલભ થયું
ગુણાતીતને સાથે લાવી આદર્શ આપી ધન્ય કર્યા
ગુણાતીત સ્વરૂપો અખંડ પ્રગટ તે વરદાન શાશ્વત થયાં
તેવા સ્વરૂપ શાસ્ત્રીજીમહારાજ પ્રગય થયા ને યુગ બદલાયો
અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનાં પડઘમ આતમે આતમે સંભળાયાં
તેના પડઘા ને ગુંજારવે સૌ શુદ્ધ ને પવિત્ર થતા રહ્યા
ઉપાસનાનાં ઓજસથી સમગ્ર વિશ્વાત્માઓ પ્રકાશિત થયા
યોગીબાપાએ તે તેજ સૌના આતમે પ્રસરાવ્યાં
શુદ્ધ ઉપાસના સમજાવી 'સ્વ'નાં સમર્પણ કરાવ્યાં
સાચા સાધુ બનાવી સૌને દાસત્વે જીવતા કર્યા
તેઓએ પ્રેમવારી સિંચ્યાં ને જતન કર્યાં
આજે સૌને હૈયે તે ઉપાસના દઢ થઈ... સ્થપાઈ
સુહૃદભાવ, નિર્દોષભાવ, દાસત્વભાવ જીવતા સૌ થયા
પ્રભુનું પરમ તત્ત્વ પામ્યા ને તેમાં ઓગળ્યાનો અહેસાસ થયો
હવે તે પરમ તત્ત્વ બ્રહ્મસ્વરૂપોમાં સૌને પ્રાપ્ત થયું
શાસ્ત્રીજી ને યોગીજી પ્રગટ બ્રહ્મસ્વરૂપોમાં સૌને મનાયા ને સ્વીકારાયા
અમને 'સાહેબજી'ના સ્વરૂપે – સંતભગવંત સ્વરૂપે દર્શન દે

મૂર્તિ આપે અમારા દોષ ટાળે ને શુદ્ધ કરે
જ્ઞાન જીવન બનાવે ને ઉપાસના રોમરોમ પ્રસરાવે
'વચનામૃત' અને 'સ્વામીની વાતુ'નાં જ્ઞાન સમજાવે
તેને પ્રતિપળનાં જીવન બનાવવા બળ દે, સમજ દે
આ બ્રહ્માંડે આપના પ્રાગટ્યનો હેતુ સ્પષ્ટ કરે ને જીવન યાહોમ કરાવે.
હે દયાળુમહારાજ ! પ્રભુ !
અમે ધન્ય ધન્ય થઈ ગયા.
હવે આપના મંગલ પ્રાગટ્ય પર્વે
અમારી પ્રાર્થના.... આજીજી... વિનંતી...!
આપે વરદાન દીધું છે...
'અમારા આશ્રિતની તલમાત્ર કસર રહેવા દેવી નથી.'
યોગીબાપા... કઈ કસર ? તે સમજાવે છે...
તે કસર પ્રત્યક્ષનો મહિમા સમજવાની
અમને આપ સંતભગવંત સાહેબજી સ્વરૂપે પ્રગટ–પ્રત્યક્ષ મળ્યા છો
તેઓના સ્વરૂપમાં પૂર્ણ નિર્દોષભાવ કરાવો
રજમાત્ર મનુષ્યભાવ નહિ સંપૂર્ણ દિવ્યભાવ કરાવો
તેઓના સ્વરૂપે અમને ઓગાળી દો
અમારા 'સ્વ'ને તે દિવ્ય સ્વરૂપે એકરૂપ એકાકાર કરી દો
અમારાં મન બુદ્ધિ ચિત્ત નિર્મલ પવિત્ર કરો
તેઓના આકારે જીવતા કરી નિર્ગુણભાવમાં રહેતા કરી દો...
આપના પ્રાગટ્યમંગલની આ પ્રાર્થના છે
તે પૂર્ણ કરો... અમને કસરયુક્ત કરો... અમને ધન્ય કરો ! ◆

## સાધુહૃદયની પ્રાર્થનાગંગા

શીતલદાસના જય સ્વામિનારાયણ

કોઈમ્બતુર, ૭.૩.૨૦૧૮, કાકાજી સ્મૃતિદિન